ગાંધીનગર સમાચાર

તા. ૧૪-૬-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### નમામિ દેવિ નર્મદે... ડેમની ઊંચાઇ વધારવાનો પ્રશંસનીય નિર્ણય

ગુજરાતની જીવાદોરી સમી બારમાસી નદી નર્મદા પર ડૅમ બાંધવાનો મહત્વાકાંક્ષી નિર્ણય ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ લીધો હતો. નવાગામ ખાતે ડૅમના શિલારોપણ વિધિને દાયકાઓ વીતી ગયા પછી અને ડૅમનું બાંધકામ પૂરું થવાના યજ્ઞકાર્યમાં અનેક પ્રકારનાં વિઘ્નો આવ્યા છતાં આખરે હવે નર્મદા ડૅમને ઈચ્છિત ઊંચાઈની મંજૂરી મળી શકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તાનાં સૂત્રો સંભાળતાંની સાથે જ માદરે વતનના આ વર્ષોથી વિવાદમાં સપડાયેલા પ્રશ્નને રમત રમતમાં ઉકેલી નાખી એમની પ્રચંડ સંકલ્પ શક્તિનો પરચો બતાવી દીધો છે. નર્મદા યોજના ગુજરાતના પીવાના પાણી અને સિંચાઈ- બેઉ મુદ્દે અત્યંત મહત્વની યોજના છે. જે રીતે પંજાબ સતલજ નદી ઉપર બંધાયેલ ભાકરાનંગલ બંધનાં પાણી મેળવી કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ આણી શક્યું તે જ રીતે ગુજરાતની સૂકી ભંઠ ધરતી નર્મદાનાં નીર ઉપલબ્ધ થતાં જ લીલી નાઘેર બની રહેશે, એમાં શંકાને સ્થાન નથી. આટલાં વર્ષો લગી અઠવાતી રહેલી આ વિકાસલક્ષી સિંચાઈ યોજના ગુજરાતના જ પનોતા પુત્ર એના નરેન્દ્રભાઈ મોદીના જ શાસનકાળમાં પૂર્ણ પ્રફુલ્લ સ્વરૂપે કાર્યાવિન્ત થશે, જેનો લાભ છેક ઉત્તર ગુજરાત, કચ્છ અને રાજસ્થાન સુધી પહોંચશે. અત્યાર સુધી માનવ અધિકારપંચ કે પર્યાવરણ મંત્રાલય જેવા સંસ્થાનોમાં ટહેલ નાખી મેધા પાટકર અને બાબા આમટે જેવા કર્મશીલો હવનમાં હાડકાં નાખતાં રહ્યા હતાં, તેથી વારંવાર શરૂ કરેલ કામ અધવચ્ચે અટકાવી દેવાતું હતું. નર્મદાને ગુજરાતની તરસીડાંસ ભોમકામાં અવતારવા માટે અત્યાર સુધીના ગુજરાતના તમામ મુખ્યમંત્રીઓ અને નર્મદાવિકાસ તથા સિંચાઈ વિભાગના મંત્રીઓ ઉપરાંત તમામ રાજકીય અગર્ણીઓ અંગત રાગદ્વેષ બાજુએ મૂકી એક મંચ પર ભેગા મળી સહિયારો પુરુષાર્થ કરતા રહ્યા છે. સ્વામી સચ્ચિદાનંદની આગેવાનીમાં થયેલ ઐતિહાસિક આંદોલન પણ કેમ ભુલાય? સરદાર સરોવર ખાતે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિરાટકાય પ્રતિમા મૂકવાનો સંકલ્પ કરી તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવાનો પુરુષાર્થ આદર્યો છે. પરંતુ એ પણ સાચું કે ડૅમનું મોટા ભાગનું કામ અત્યાર સુધીમાં પૂરું થવા આવ્યું છે. છેલ્લે ડૅમની ઊંચાઈ વધારવાની મંજૂરી આપી દઈ ડૉ. મનમોહનસિંહની યુપીએ સરકારે શુદ્ધ નીયતનો પરિચય આપી જ દીધો હતો. પરંતુ નર્મદાના 'ભગીરથ' બનવાનું શ્રેય તો મૂળે આવા પ્રયાસોમાં તેજી લાવનાર અને કેન્દ્ર સાથે સંઘર્ષમાં ઊતરીને પણ પોતાનો કક્કો ખરો કરાવનાર દિવંગત મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલને જ ફાળે જાય એમ હતું. કોંગ્રેસમાં અહમદ પટેલ, અમરસિંહ ચૌધરી, માધવસિંહ સોલંકી, સનત મહેતા વગેરે અનેક નેતાઓએ નર્મદાયોજનાને આજની સ્થિતિએ પહોંચાડવામાં મદદ કરી છે. તો વળી પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, કેશુભાઈ પટેલ અને બાબુલાલ જશભાઈનું યોગદાન પણ એટલું જ નોંધપાત્ર છે. ચાણકય જેવી કુનેહ ધરાવતા વડાપ્રધાન નરેન્દ્રભાઈએ નર્મદા વૉટર કંટ્રોલ ઑથોરિટી પાસેથી સરદાર સરોવર ડૅમની હાલની ઊંચાઈ (૧૨૧.૯૨ મીટર) વધારી ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવાની અને ગેટ મૂકવાની મંજૂરી અપાવી આ બહુમાન પોતાના નામે અંકે કરી લીધું છે. હવે એક તરફ ગેટ મૂકવાની કામગીરી અને બીજી તરફ નહેરોનું અધૂરું રહેલું કામ આગળ ધપાવવાની કામગીરીમાં પણ ગુજરાત સરકાર એવી જ ત્વરા અને ઉત્સાહ દાખવશે તો મુખ્યમંત્રી આનંદી બહેનની પ્રતિષ્ઠામાં એક ચિરંજીવ છોગું ઉમેરાશે. આવી ઐતિહાસિત સિદ્ધિ બદલ વડાપ્રધાન અને મુખ્યમંત્રી બેઉનો ગુજરાતની પ્રજા જેટલો આભાર માને એટલો ઓછો જ ગણાશે. કોંગ્રેસના શાસન દરમિયાન પર્યાવરણ અને વિસ્થાપિતોના પુનઃસ્થાપન મુદ્દે વારંવાર વિઘ્નો નંખાતાં રહ્યા તેથી આ યોજનાની પૂર્ણાહૂતિનો જશ કોંગ્રેસ લઈ શકી નહીં. વિશેષપણે મધ્યપ્રદેશ સરકાર તરફથી અને 'નર્મદા બચાવો' આંદોલનનાં કર્મશીલો તરફથી આવાં વિઘ્નો આવતાં રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૃઢ સંકલ્પ વિરુદ્ધ ચૂંકે ચા કરવાની મધ્યપ્રદેશ સરકારની તાકાત નથી. મેધા પાટકરનો ઊહાપોહ હવે કોઈ સાંભળવાનું નથી. સર્વોચ્ચ અદાલત સુધીની મંજૂરી મળી ગઈ હોવા છતાં એક યા બીજા મુદ્દે નર્મદા સામે કાંકરીચાળો ચાલુ તો રહેશે જ, પરંતુ ઑથોરિટી અને પર્યાવરણ મંત્રાલય ઉપરાંત માનવ અધિકારપંચ તરફથી 'નો ઑબ્જેકશન' સર્ટિફિકેટ મળી જતાં હવે નર્મદાનાં નીર ગુજરાતની તરસીડાંસ ધરતીને તૃપ્ત કરે એ દિવોસ બહુ દૂર નથી. અભિનંદન આનંદીબહેન! આભાર નરેન્દ્રભાઈ! જય જય ગરવી ગુજરાત!

# શિક્ષણનો વ્યાપ વધારવો ખૂબ જ જરૂરી : સૌરભભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૩

ગરીબી નામના શબ્દને નામશેષ કરવા માટે શિક્ષણનો વ્યાપ વધારવો ખૂબ જ જરૂરી છે, તેવું આજરોજ શાહપુર ગામ ખાતે યોજાયેલ શાળા -વેશોત્સવ કાર્યક્રમમાં નાણાં અને ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું.

નાણાં અને ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ૧૨ વર્ષ અગાઉ દેશના વડા -ધાન અને ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં શિક્ષણનો વ્યાપ વધારવા અને લોકોમાં શિક્ષણ અંગેની જાગૃતિ લાવવાના ઉમદા આશયથી શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. જેના ફળશ્રૃતિ રૂપે આજે રાજયમાં ધોરણ - ૧ થી ૫નો ડ્રોપ આઉટ રેસીયો ૨૦ ટકાથી ઘટીને ૨ ટકાએ આવી ગયો છે. ધોરણ - ૬ થી ૮નો ડ્રોપ આઉટ રેસીયો ૩૭ ટકાથી ઘટીને ૬ ટકાએ આવી ગયો છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, શાળઓમાં શૌચાલય, ઓરડા અને બેન્ચીસ જેવી -ાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સરકારના શાસનમાં રાજયમાં ૧ લાખથી વધુ ઓરડાઓનું બાંધકામ કરવામાં આવ્યું છે. તેમજ પારદર્શક રીતે ૧ લાખ ૪૪ હજાર શિક્ષકોની ભરતી કરવામાં આવી છે.

શાહપુર ગામની સીમમાં આવેલ ગીફ્ટ સીટીનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ગીફ્ટ સીટીમાં નિર્માણ પામેલા બે ગંગન ચુંબી ઈમારતમાં ટુંકાગાળામાં દેશ-વિદેશની કંપનીઓ કાર્યરત કરવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ ખાનગી સંસ્થાઓ કાર્યરત બનતા ૫ થી ૬ હજાર યુવાનો માટે રોજગારની તકો ઉભી થશે. તેમજ અન્ય ત્રણ ટાવરનું કામ પણ ખૂબ જ ટુંકા ગાળામાં શરૂ કરવામાં આવનાર છે.

મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે ધોરણ - ૧માં ૪૦, ધોરણ - ૯માં ૫૧ અને આંગણવાડીમાં ૫૦ ભુલકાઓને ચંદન તિલક કરીને સ્કુલ કીટ અને રમકડાં આપીને -વેશ વિધિ સંપન્ન કરાવવામાં આવી હતી. તેઓશ્રીના હસ્તે ગામના વયો વૃધ્ધ નાગરિક, દાતાશ્રીઓ અને ધોરણ - ૩ થી ૮માં -થમ નંબરે કલાસ રૂમમાં પાસ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીના હસ્તે રૂપિયા ૬૪ લાખના ખર્ચે નિર્માણ પામનાર શાળાના ૮ ઓરડાઓના કામનું ખાતમુર્હતૂ અને વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

શાળાના બાળકો દ્વારા આ -સંગે યોગ, ગૌરવગાન, દેશ ભક્તિ ગીત અને અમૃત વચન રજૂ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું



સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ -સંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એસ. દેસાઇ, તાલુકા સદસ્ય શ્રી કાળાજી સોમાજી ઠાકોર, ગામના સરપંચ શ્રી બાબુજી નેનાજી ઠાકોર, સી.આર.સી શ્રી નિલેશભાઇ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# માતા બાળકોને જન્મ આપે છે પણ બાળકના જીવનનું ઘડતર કરવાનું કામ તો એક શિક્ષક જ કરે છે : વસુબેન ત્રિવેદી

ગાંધીનગર, તા. ૧૩

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ થકી મને બાળકોની -વેશવિધિ સંપન્ન કરાવવાની જે તક મળી છે, તે મારા જીવન માટે ગૌરવ સમાન છે, તેવું આજરોજ ગાંધીનગર તાલુકાના અમિયાપુર ગામમાં યોજાયેલ શાળા -વેશોત્સવ કાર્યક્રમાં મહિલા બાળ કલ્યાણ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજય મંત્રી શ્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું.

વધુમાં મહિલા બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, માતા બાળકોને જન્મ આપે છે, પણ બાળકના જીવનનું ઘડતર કરવાનું કામ તો એક શિક્ષક જ કરે છે. સારા સમાજ, રાજય અને રાષ્ટ્રનું નિર્માણ કરવાનું કામ શિક્ષણ થકી જ શક્ય બનશે. જેથી



કોઈ પણ બાળક તેના શિક્ષણના હકથી વંચિત ન રહી જાય તે જોવાનું કામ માત્ર સરકારનું નથી પણ આપણા સૌનું કામ છે. શિક્ષણ અંગેની લોક જાગૃતિ લાવવાના ઉમદા આશયથી સમગ્ર રાજયમાં વર્ષ- ૨૦૦૩ થી કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ૧૨ વર્ષથી રાજયમાં ચાલતા આ કાર્યક્રમ થકી સમાજમાં શિક્ષણ અંગેની લોક જાગૃતિ આવી રહી છે. જેથી સમાજમાં અનેક પરિવર્તન આવતા જોવા મળી રહ્યાં છે.

વધુમાં તેઓશ્રીએ આજરોજ શાળામાં ધોરણ-૧માં અને આંગણવાડીમાં -વેશ મેળવતા બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. મા સરસ્વતીને તેમના ઉજ્જવલ ભવિષ્ય માટે -ાર્થના કરી હતી.

મંત્રી શ્રી વસુબેન ત્રિવેદીના હસ્તે આજરોજ ગાંધીનગર તાલુકાના નભોઈ, સુઘડ અને અમિયાપુર ગામના ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોની -વેશવિધિ સંપન્ન કરાવવામાં આવી હતી. અમિયાપુર ગામમાં મંત્રી શ્રી વસુબેન ત્રિવેદીના હસ્તે ધોરણ-૧માં ૨૩, ધોરણ-૯માં ૩૧ અને આંગણવાડીમાં ૫ બાળકોને ચંદન તિલક કરીને -વેશવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

# એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં 'મારી સર્જનાત્મક પ્રવૃત્તિ' વિશે કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં 'મારી સર્જનાત્મક પ્રવૃત્તિ' વિશે ધોરણ ૬, ૭, ૮ના વિદ્યાર્થીઓનો સુંદર કાર્યક્રમ તા. ૧૧મી જૂન ૨૦૧૪ના રોજ યોજાઈ ગયો.

શાળાના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ 'મારી સર્જનાત્મક પ્રવૃત્તિ' સંદર્ભે વિવિધ વસ્તુઓ બનાવી પોતાના વિચારોને મૂર્તરૂપ આપ્યું હતું. બાળકોએ થર્મોકોલ, જરી, ટાઈલ્સ, રંગીન કાપડ, કલર, બલ્બ, વાયર, રૂ, રંગીન ચાર્ટ પેપર વગેરનો ઉપયોગ કરી અલગ અલગ વસ્તુઓ બનાવી હતી. લાઈટવાળુ ઘર, મિસાઈલ, શાંતાકલોઝ, ટાઈલ્સ પર પેઈન્ટીંગ, કાપડ પર ગૂંથણી, પવન ચક્કી, ઘડિયાળ, ફલાવર પોટ, પેન બોક્ષ, માછલી વગેરેનું સુંદર સર્જન કર્યું હતું. વિદ્યાર્થીઓની પોતાની વિચાર શકિતનો, કલ્પના શકિતનો આ પ્રવૃત્તિ દ્વારા સુભગ સમન્વય જોવા મળ્યો હતો.

શાળાના આચાર્યા મિલીસિંહે બાળકોની આ સર્જનાત્મક પ્રવૃત્તિને બિરદાવી હતી અને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના વર્ગ શિક્ષકોએ સમગ્ર કાર્યક્રમમાં બાળકોને જરુરી માર્દર્શન પુરું પાડયું હતું અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**WEEKEND CREATIONS...**

**- BHARVI DANI** (HILLWOODS SCHOOL, CLASS-VIII)

## Current Status Of Women In Our Country

**Hi friends,**

Since ancient times status of women in India is about goddess Durga and Lakshmi. But now the status of women in India has changed. It is good as well as worst. Everyone everyday hears a case related to harassment of women. This thing has now increased in every part of our country. We all have become familiar with this type of news.The Badaun case of Uttar Pradesh and the Nirbhaya case of Delhi is breathtaking and shocking. It is a shame to hear this. On one side Government starts programs like 'Save The Girl Child' and on the other side these cases take place. To protect themselves they should be more aware and careful. Government conducts special programs for women where women become mentally and physically strong. Society should also support them in their situations. They should not see that woman or girl as inferior. While on the other side these women and girls have only touched the skies and made the nation fell proud. Recent board exams results proves that girls have done much better than boys and have passed out with flying colours. Another example is of a working lady who manages both inside and outside their home. At last I would say its good to be in touch with your technology and be modern and western but its better to be in your culture and tradition.

# વિશ્વનું અપ્રતિમ અને ભારતનું સર્વપ્રથમ 'બાળ વિશ્વવિદ્યાલય'

વિશ્વભરમાં હજારો યુનિવર્સિટીઓ ઉચ્ચ શિક્ષણ માટે કાર્યરત છે. પણ યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણ માટે બાળકની ઉત્કૃષ્ટ ભૂમિકા રચતી વિશ્વની એકમાત્ર અને અપ્રતિમ એવી યુનિવર્સિટી એટલે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી', જે 'બાળ વિશ્વવિદ્યાલય' તરીકે પણ ઓળખાય છે.

આપણા પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સ્વપ્નસૃષ્ટિમાંથી ઉદ્‌ભવેલું આ કાર્ય છે, જેનું લક્ષ્ય છે ઉત્તમ મનુષ્યોનું સર્જન.

આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર છે — ગર્ભસ્થ શિશુથી ૧૮ વર્ષના યુવાનોનો સર્વલક્ષી, સર્વસ્પર્શી, સર્વાંગીણ વિકાસ. ભારતને કૃતિશીલ દેશભક્ત નાગરિકો મળે એવા ઉદ્દેશ્યથી યુનિવર્સિટીની કાર્યરચના થઈ રહી છે.

જુલાઈ ૨૦૦૯ માં સ્થપાયેલી આ યુનિવર્સિટીએ અનેક દિશાઓમાં પોતાનું કામ શરૂ કરી દીધું છે અને પોતાનો પ્રભાવ ગુજરાતમાં જ નહીં, ભારતનાં બીજાં રાજ્યોમાં પણ પાથરવાનું શરૂ કરી દીધું છે. બાળકના વિકાસમાં માતાપિતાની, સમગ્ર પરિવારની અને શિક્ષકની અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. તેથી યુનિવર્સિટી એ બધા માનવ-સમુદાયોને કેન્દ્રમાં રાખી ચાર આયામોમાં કામ કરે છે — શિક્ષણ, પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ.

આ લેખમાં આપણે બાળકો માટે 'બાળ વિશ્વવિદ્યાલય' કેવી કેવી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે તે વિશેષ રૂપે જોઈશું.

(૧) તપોવન સંશોધન કેન્દ્ર

આ પ્રકલ્પ અંતર્ગત સગર્ભા મહિલાઓને ગર્ભશિક્ષણ આપવામાં આવે છે અને આપણા પ્રાચીન ગર્ભવિજ્ઞાનના શાસ્ત્રને અર્વાચીન સંશોધનો સાથે સમન્વિત કરીને સગર્ભા મહિલાઓને સુંદર માર્ગદર્શન આપવામાં આવે છે. આવાં ૧૨ તપોવન કેન્દ્રો અત્યારે ગુજરાતમાં ચાલે છે. આ કેન્દ્રોનાં સ્થાન છે — રૂપાલ, સારસા, થામણા, દાઓલ, આણંદ, તારાપુર, દાહોદ, ભાવનગર, મણિનગર (અમદાવાદ), નડિયાદ, ધોરાજી અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિસર, ગાંધીનગર. દિ. ૦૨-૧૦-૨૦૧૦ થી આ પ્રકલ્પ ચાલે છે. આ કેન્દ્રોમાં અત્યાર સુધીમાં ૨૦૦૦૦ જેટલી મહિલાઓએ લાભાર્થી






તરીકે આવી, વિવિધ પ્રવૃત્તિઓ કરી છે અને ઉત્તમ સંતાનોને જન્મ આપ્યો છે.

માતાની કૂખ એ નવ મહિનાની ઉત્તમ પાઠશાળા છે અને સ્ત્રી માટે માતૃત્વ એ અનેરો અવસર છે, વરદાન છે એની અનુભૂતિ આ કેન્દ્રોમાં કરાવાય છે. આ વિષય પર ખૂબ વિસ્તારપૂર્વકનો લેખ હવે પછીના અંકમાં આવશે.



(૨) બાલોત્સવ અને વિવિધ પ્રવૃત્તિઓ

તાજેતરમાં દિ. ૨૧ મે થી ૧ જૂન ૨૦૧૪ દરમિયાન ૧૨ દિવસનો એક બાલોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં ગુજરાતના ૨૪ જિલ્લાઓમાંથી ધો. ૬, ૭, ૮ નાં ૩૦૦ બાળક - બાલિકાઓએ ભાગ લીધો અને નૃત્ય, નાટક અને સંગીતનાં વિવિધ અંગોનું શિક્ષણ મેળવ્યું.

આ અગાઉ પણ રેતશિલ્પ, ચિત્રકામ, માટીનાં રમકડાં, વેસ્ટમાંથી બેસ્ટ, બાળ ગીતો, અભિનય ગીતો, દેશભક્તિ ગીતો જેવા અનેક કાર્યક્રમોનું આયોજન પોરબંદર, સાબરકાંઠા, સુરત જેવા જિલ્લાઓમાં કરવામાં આવ્યું હતું. આજે પણ, યુનિવર્સિટીએ જે ૧૬ શાળાઓને જોડાણ આપ્યું છે ત્યાં યુનિવર્સિટીની ટીમ, ગુજરાતભરના તજ્જ્ઞો, નિષ્ણાતો અને કલાવિદો દ્વારા નિરંતરપણે આવી પ્રવૃત્તિઓ યોજી બાળકોને અનૌપચારિક પ્રવૃત્તિઓ દ્વારા જીવનનો આનંદ મળે અને સાથે સાથે એમની સુષુપ્ત શક્તિઓ જાગે એવા પ્રયત્નો થઈ રહ્યા છે.

(૩) વ્યક્તિત્વ વિકાસ શિબિરો

બાળકો સમૂહજીવન અને અનુશાસનના પાઠ શીખે એ માટે અવારનવાર વ્યક્તિત્વ વિકાસ શિબિરોનું પણ આયોજન થતું રહે છે. એપ્રિલ ૨૦૧૨ માં શ્રી સરસ્વતી શિશુમંદિર, બારડોલીમાં 'સૂર્યા ફાઉન્ડેશન' (ઝિંઝોલી, હરિયાણા)ની મદદથી આવો એક શિબિર કર્યો હતો, જેમાં ૧૨૫ બાળકોએ ભાગ લીધો હતો.

(૪) ગાંધીનગરમાં દર પહેલો, બીજો, ત્રીજો શનિવાર એટલે પ્રવૃત્તિ દિવસ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના સેક્ટર-૨૦ ના પરિસરમાં દર મહિનાના પહેલા, બીજા, ત્રીજા શનિવારે બપોરે ૨ થી ૫ વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. ૮૫ થી ૧૦૦ જેટલાં બાળકો નિયમિત રીતે અહીં કરાવવામાં આવતી રમતો, ગીત, ચિત્રકામ, નૃત્ય, વાચન જેવી પ્રવૃત્તિઓમાં હર્ષભેર ભાગ લે છે. આ પ્રવૃત્તિ નિઃશુલ્ક હોય છે.

**હવે પછીનું આયોજન**

ઓગસ્ટ ૨૦૧૪ થી નવેમ્બર ૨૦૧૪ દરમિયાન યુનિવર્સિટી સાથે જોડાયેલી ગુજરાતની ૧૬ જેટલી શાળાઓમાં (જેને અમે 'વિદ્યાનિકેતન' તરીકે ઓળખીએ છીએ) નીચે મુજબના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે —

ઓગસ્ટ ૨૦૧૪ " વાચનોત્સવ સપ્ટેંબર ૨૦૧૪ "

(૧) અરણ્યોત્સવ (પ્રકૃતિશિક્ષણ)

(૨) રમતોત્સવ

નવેમ્બર ૨૦૧૪ " નભોદર્શન આમ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકોના આનંદમય સર્વાંગીણ વિકાસ માટે પ્રતિબદ્ધ છે. એ માટે અમારું એક ધ્યેયસૂત્ર છે —

अनन्यो आनंदरुपो अनंतोऽहम् ।

અર્થાત્ દરેક બાળક અનન્ય છે, આનંદસ્વરૂપ છે અને વિકાસની અસીમ સંભાવનાઓ ધરાવતું સ્વતંત્ર, મૌલિક વ્યક્તિત્વ છે. જીવન જીવવા માટે શાળાકીય શિક્ષણ ઉપરાંત પણ એવું ઘણું 'જીવનશિક્ષણ' આપી શકાય, જે બાળકોને જીવ, જગત અને જગદીશનું જ્ઞાન આપે.

બાળકને ખબર પણ ન પડે અને એને આવડી જાય એ સાચું શિક્ષણ. અમારો 'બાળ વિશ્વિદ્યાલય' નો એવો પ્રયત્ન છે કે પ્રત્યેક બાળકની મૌલિક શક્તિઓને વિકસિત કરવી અને સમાજહિતમાં કામે લગાડવી.

**તેજસ્વી બાળક : તેજસ્વી ભારત**

એ સૂત્રને સાકાર કરવાનું અમારું સ્વપ્ન છે.